# ગુજરાત યુનિવર્સિટી એડમિશન કમિટી વર્ષ 2019-20

પરિપત્ર તા.03-05-2019

તમામ કોલેજોના આચાર્યશ્રીઓ/ ડાયરેકટરશ્રીઓ/ પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓ/ ભવનોના ડાયરેક્ટરશ્રીઓ/ ભવનોના અધ્યક્ષશ્રીઓતરફ......

માનનીય કુલપતિશ્રીના આદેશાનુસાર શૈક્ષણિક વર્ષ 2019-20 માટે મધ્યસ્થ પ્રવેશ કામગીરી કરવાની છે. આ અનુસંધાને નીચેની બાબતો આપશ્રી ધ્યાનમાં લેશો અને તે પ્રમાણે તેના અમલીકરણની ખાતરી ધ્યાને રાખશો.

**(A) હેલ્પ સેન્ટર અંગે:**

1. દરેક કોલેજ પોતાના દ્વારા ચલાવવામાં આવતાં પ્રોગ્રામો માટે જ હેલ્પસેન્ટર તરીકે કામગીરી કરશે.
2. આપની કોલેજ હેલ્પસેન્ટર હોવાથી જરૂરી તમામ પ્રકારની માળખાકીય સુવિધાઓ ઊભી કરવી. જેમાં, કોમ્પ્યુટર, પ્રિન્ટર, સ્કેનર, ઇન્ટરનેટ, જરૂરી સ્ટેશનરી વગેરેનો સમાવેશ થાય છે.આ સુવિધા સામે જરૂરી સ્ટાફની વ્યવસ્થા રાખવાની રહેશે.
3. હેલ્પ સેન્ટરને ચૂકવવા પાત્ર માનદ પુરસ્કારનું વર્ગીકરણ નીચે પ્રમાણે છે.

| સેન્ટર | વિગત | રૂ. | ચુકવણીનો આધાર |
|---|---|---|---|
| 1 | રજીસ્ટ્રેશન ફોર્મ દીઠ | 10 | જે-તે કોલેજના આઈ.પી. એડ્રેસની માહિતીને આધારે |
| 2 | વેરિફિકેશન દીઠ | 10 | જે-તે કોલેજના મોડ્યુલની માહિતીને આધારે |
| 3 | પિન દીઠ | 05 | વેચેલ પિનની સંખ્યાના આધારે |

નોંધ:

1. દરેક કોલેજે PINની રકમ વેચેલ PIN દીઠ રૂ. 5/- કાપીને એટ્લે કે રૂ.170/- લેખે જે-તે બેન્ક ખાતાંમાં જમા કરાવવાની રહેશે. તે સિવાયના મુજબના જે-તે પુરસ્કારની રકમ જે-તે પ્રોગ્રામના પ્રવેશની કાર્યવાહી પૂર્ણ થયા બાદ ચૂકવી આપવામાં આવશે.
2. GUAC દ્વારા ઉપર પ્રમાણે ચૂકવવામાં આવેલ કુલ માનદ રકમનાં 30% સુધી સંસ્થા પોતાના વહીવટી ખર્ચ પેટે રાખી શકશે અને બાકીની રકમ પ્રવેશ કામગીરીમાં રોકાયેલ કર્મચારીઓને પુરસ્કાર તરીકે ચૂકવી આપશે.
3. દરેક કોલેજે ફરજિયાતપણે હેલ્પસેન્ટર તરીકે કામગીરી કરવાની રહેશે.

**(B) PIN અંગે:**

1. પિનનું વિતરણ કોલેજો દ્વારા કરવામાં આવશે. બી.એડ્.-એમ.એડ્ ખાતેથી (SerialNo. માં જ) મેળવી શકશે. આ પિન મેળવવા માટે કોલેજના લેટરહેડ ઉપર પ્રિન્સિપાલના સહી સિક્કા સાથેનો પત્ર કન્વીનરશ્રી,ને સંબોધીને લખવાનો રહેશે. જે નીચેના સ્વરૂપેમાં રજૂ કરવો. ઉદાહરણ તરીકે,

| ક્રમ | અભ્યાસક્રમ (પ્રોગ્રામ) | પિનની સંખ્યા |
|---|---|---|
| 1 | B.Ed | |
| 2 | M.Ed | |

2. આપની કોલેજને ગત વર્ષના આધારે પિન બી.એડ્-એમ.એડ્ મધ્યસ્થ પ્રવેશ સમિતિ કાર્યાલય રૂમ ન-૪ , શિક્ષણશાસ્ત્ર ભવન પરથી મેળવી. જો કોલેજને વધારે પિન જોઈતી હોય તો 50નાં ગુણાંકમાં આપવામાં આવશે. જરૂર કરતાં વધારે પિન લેવી નહીં. એડમિશન પ્રક્રિયા સંપૂર્ણ રીતે પૂરી થયા બાદ વધેલ પિન Serial Number વાળી પિન જ હિસાબ સાથે જમા કરાવાની રહેશે.

- પિન પરત કરતી વખતે નીચે પ્રમાણેનાં કોઠામાં વિગતો ભરીને પરત કરવી.

| તારીખ | ફાળવેલ પિન સિરિયલ નંબર અને પિનની સંખ્યા | ઉપયોગમાં લીધેલ સિરિયલ નંબર અને પિનની સંખ્યા | વધેલ પિન સિરિયલ નંબર અને પિનની સંખ્યા | બેંકમાં ભરેલ રકમ (પિનની સંખ્યા x રૂ.) | બેંકમાં ભરેલ રકમની તારીખ |
|---|---|---|---|---|---|
| | | | | | |
| | | | | | |

**નોંધ:**

**(1) બેંકમાં દર વખતે જમા કરાવેલ પિનની રકમની GUAC for B.Ed.-M.Ed.નો કાઉન્ટર આ પત્રકની સાથે જમા કરાવવી.પિન વેચાણની રકમ નિયમિત પણે જેતે બઁકમાં ખાતામાં જમા કરાવવી.**

**(2) સીલ તૂટેલ PIN પરત લેવામાં આવશે નહીં, જેની ખાસ નોંધ લેવી.**

3. પિન વેચાણની રકમ દરેક કોલેજે નીચે જણાવેલ ખાતાંઓમાં Kotak Mahindra Bankની નીચે જણાવેલ કોઈપણ બ્રાન્ચમાં જમા કરાવવી.આ અંગેની સ્લીપ Website પરમૂકવામાં આવશે. તેની પ્રિન્ટ લઈ ને જે તે ખાતામાં જમા કરાવવી.

| સેન્ટર નં | પ્રોગ્રામનું નામ | ખાતાં નંબર |
|---|---|---|
| 1 | GUAC - B.Ed – 2019-20 | 3022015035 |
| 2 | GUAC - M.Ed-– 2019-20 | 3022015036 |

**(C) રજીસ્ટ્રેશન અંગે:**

1. શૈ.વ. 2018 કે તે પહેલા સ્નાતક કે અનુસ્નાતની પરીક્ષા પાસ કરેલ હોય તેવા તમામ વિધ્યાર્થીઓ પોતાનું રજીસ્ટ્રેશન તા.06-05-2019 થી કરી શકશે.
   આ તમામ વિધ્યાર્થીઓએ જે ઓનલાઇન ફ્રોર્મ ભરીને કોલેજમાં પોતાના ડૉક્યુમેન્ટ નું વેરિફિકેશન કરાવવું ફરજિયાત છે, જો વેરિફિકેશન કરાવેલ નહીં હોય તો તેમનું મેરીટ બનશે નહીં તેમજ પ્રવેશ મળશે નહીં. વિધ્યાર્થીઓએ વેરિફિકેશન કરાવ્યાની Inward Slip કોલેજમાથી કોલેજના સિક્કા અને સક્ષમ અધિકારીની સહી સાથેની અચૂક આપવી. જેથી કોઈપણ પ્રકારની ભૂલના કિસ્સામાં તેનું નિવારણ લાવી શકાય.

**(D) ફ્રોર્મ વેરિફિકેશન અંગે:**

1. નીચે જણાવેલ વિધાર્થીઓના Documents નું વેરિફિકેશન કરવાની સંપૂર્ણ જવાબદારી જે-તે કોલેજની રહેશે. શૈ.વ. 2019-20માં માત્ર કોલેજ દ્વારા વેરિફિકેશન કરવાનું હોય Verification અંગેની તમામ જવાબદારી કોલેજની રહેશે. Verificationમાં થયેલ ભૂલ અંગે GUAC જવાબદાર રહેશે નહીં. આ અંગે થયેલ ભૂલ અંગે કોલેજ કક્ષાએ નિવારણ લાવવાનું રહેશે અને વિધ્યાર્થીઓને GUAC ખાતે મોકલવા નહીં. જેની ખાસ નોંધ લેવી. GUAC for B.Ed.-M.Ed. ખાતે સેકન્ડ લેવલ વિરિફિકેશન થશે નહીં. વર્ષ 2019માં ગુજરાત યુનિવર્સિટીની પરીક્ષા પાસ કરનાર જનરલ ( સામાન્ય) કેટેગરીના વિદ્યાર્થીઓએ વર્ષ 2019માં પાસ કરી છે તેમનું પરીક્ષા વેરિફિકેશન કોલેજે કરવાનું રહેતું નથી. પરંતુ નીચે જણાવેલ કેટેગરીના વિધાર્થીઓનું ફરજિયાત પણે વેરિફિકેશન કરવાનું રહેશે.

A. રિપીટર વિધાર્થીઓ (ગયા વર્ષે નાપાસ થયેલ પરંતુ ચાલુ વર્ષે પાસ થયેલ અને બધાં વિષયની પરીક્ષા ન આપેલ હોય પણ EXEMPTION સિવાયના વિષયોની પરીક્ષા આપેલ હોય.

B. અનામત કેટેગરીના તમામ વિધાર્થીઓ જેવાં કે SC/ST/SEBC/EWS.

C. ગુજરાત યુનિવર્સિટી સિવાયની અન્ય યુનિવર્સિટીના તમામા કેટેગરીના વિદ્યાર્થીઓ , ગુજરાત રાજ્ય બહારની યુનિવર્સિટી ( એસ.એન.ડી.ટી યુનિવર્સિટી સહિત)ના તમામ વિદ્યાર્થીઓ

E. અન્ય લાગુ પડતાં પ્રમાણપત્રો (દા.ત. Free-ship Card)

F. વર્ષ 2019 અગાઉ પાસ થયેલ વિધાર્થીઓ

G. Economical Weaker Section (EWS)ના વિધ્યાર્થીઓના પ્રમાણપત્રો. આ અંગેની જરૂરી તમામ માહિતીમાટેની લિન્ક વેબસાઇટ પર મૂકવામાં આવેલ છે, તેમજ ગુજરાત યુનિવર્સિટી GUAC for B.Ed.-M.Ed.ની Website પર મૂકવામાં આવેલ છે, જે જોઈ-વાંચી-ચકાસી-નોંધી લેવી.

2. વેરિફિકેશન વખતે વિધાર્થીઓ દ્વારા થયેલ નીચેની ભૂલો કોલેજ દ્વારા સુધારી શકાશે જે અંગેના જરૂરી પ્રમાણપત્રો કોલેજે પોતાની પાસે રાખવા જેથી કરીને મેરીટ લિસ્ટ તૈયાર કરતી વખતે અને વિવાદના સમયે આ પુરાવાઓ આધાર તરીકે રજૂ કરી શકાય.

<u>ભૂલોનાં પ્રકાર</u>:(i)જન્મ તારીખમાં ભૂલ,(ii)જાતિમાં ભૂલ,(iii)રિપીટર વિધાર્થીઓની Marksheetની ભૂલ અને (iv)2019 અગાઉ પાસ થયેલ વિધાર્થીઓ અથવા અન્ય યુનિવર્સિટીના વિધાર્થીઓ દ્વારા ખોટાં ભરાયેલ ગુણો વગેરે. આ સુધારાઓ Provisional Merit List પહેલાં કોલેજે જ કરવાના રહેશે.

3. વેરિફિકેશનનું કામ ખૂબજ કાળજીપૂર્વક કરવું કારણ કે મેરીટ લિસ્ટનો સંપૂર્ણ આધાર વેરિફિકેશન પ્રક્રિયા પર રહેલ છે. તેમાં કોઈપણ પ્રકારની ભૂલ રહેશે તો તે અંગે કોલેજ અને આચાર્યશ્રીની જવાબદારી રહેશે.
   જે વિધાર્થીઓનાં વેરિફિકેશન કરવાના હોય તેવા તમામ વિધાર્થીઓને Inward Number આપવા. આ Inward Number slip બે ભાગમાં હશે. એક ભાગ વિધાર્થીઓને આપવો અને બીજો ભાગ વિધાર્થીની અરજી/ફોર્મ સાથે સ્ટેપલ કરવું. આ slip પર કોલેજનો Code નંબર અને કોલેજનો ગોળ સિક્કો મારવો અને જે તે અધિકારીએ સહી કરવી. આ સૂચનાનું અવશ્ય પાલન કરવું. આ Inward Number Slip મધ્યસ્થ પ્રવેશ સિમિતિ કાર્યાલય ખાતેથી મળશે.

4. **પ્રવેશ માટે આવતા વિધ્યાર્થીઓની mark-sheet માં માર્કસ કે ટકાવારી દર્શાવેલ ન હોય એટ્લે કે ગ્રેડ / GPA દર્શાવેલ હોય તેવા કિસ્સામાં વિધાર્થીએ પોતાના બોર્ડ/યુનિવર્સિટી માથી ટકાવારીમાં રૂપાંતરિત Equivalent Certificate લાવવાનું રહેશે જેથી તેનું મેરીટ બની શકે.**

**(E) ફી / બેન્ક અંગે:**

1. ફી ઉઘરાણીનું કામ Kotak Mahindra Bank ની કોઈ પણ શાખામાં જમા કરાવી શકશે. Bank ની શાખાઓની યાદી જે તે કોર્ષ ની બૂકલેટ માં આપેલ છે. દરેક પ્રોગ્રામ માટેની શાખાઓ સરખી છે, વિધ્યાર્થીઓ દ્વારા જે તે તારીખે ઓનલાઈન ફી ભરી શકશે.

2. ગ્રામ્ય વિસ્તારની કોલેજોમાં ફી ભરવા અંગે જો ત્યાં Kotak Mahindra Bankની શાખા નહીં હોય તો બેન્ક દ્વારા કોલેજ પર પ્રથમ રાઉન્ડ માટે કાઉન્ટર પૂરા પાડવામાં આવશે, જે માટે જરૂરી વ્યવસ્થા કરી આપવાની રહેશે.
3. પ્રથમ રાઉન્ડમાં જે વિધાર્થીને પ્રવેશ ફાળવવામાં આવેલ છે અને પ્રવેશ લીધેલ નથી અને કોલેજ દ્વારા online registration થી offline પ્રવેશ આપવામાં આવે ત્યારે (GUAC for B.Ed.-M.Ed. ની જાહેરાત બાદ) તેવા વિધાર્થીને Inter-se મેરિટના આધારે પ્રવેશ આપી શકાશે. જો તેઓએ GUAC ખાતે ફી ભરેલ હશે તો 10% રકમ બાદ થઈ, ફી પરત મળશે. પરંતુ તેમણે નવા ઓફલાઇન પ્રવેશ વખતે જે તે

કોલેજમાં પૂર્ણ ફી ભરવાની રહેશે. અગાઉ GUAC for B.Ed.-M.Ed. ખાતે ચૂકવેલ ફી માંથી 10% રકમ કાપીને પ્રવેશ કામગીરી પૂર્ણ થયા બાદ વિદ્યાર્થીને ચૂકવવામાં આવશે.

ખાસ નોંધ: પ્રથમ રાઉન્ડમાં જે વિદ્યાર્થી બેંકમાં ફી ભરીને કોલેજમાં હાજર થશે / રીપોર્ટ કરશે. તે વિદ્યાર્થી બીજા રાઉન્ડમાં ભાગ લઇ શકશે નહિ.

**(F) પ્રથમ રાઉન્ડ અંગે:**

1. શૈ.વ. 2019-20 ની પ્રવેશ પ્રક્રિયામાં Mock Round રાખવામા આવેલ નથી. તેથી વિધ્યાર્થીએ કોલેજ પસંદગીમાં એટલે કે કોલેજનું નામ, કોર્ષનું માધ્યમ, કોલેજનો સમય, પસંદ કરેલ વિષય ખુબજ કાળજીપૂર્વક પસંદ કરવા (ઓનલાઈન બૂકલેટ તથા વેબસાઇટનો સંપૂર્ણ અભ્યાસ કર્યા બાદ જ રજીસ્ટ્રેશન ફ્રોર્મ માં કોલેજની પસંદગી કરવી.
2. પ્રથમ રાઉન્ડમાં જે કોલેજમાં પ્રવેશ મળે તેની ટોકન પ્રવેશ ફી જણાવેલ સમય પ્રમાણે કોટક મહિન્દ્રા બેન્કની કોઈપણ શાખામાં કે ઓનલાઇન ફી ભર્યા બાદ રિપોર્ટિંગ કરવા જવાનું રહેશે.
3. ફી ભર્યા બાદ વિધ્યાર્થીએ પ્રવેશ કન્ફર્મ કરાવવા ફી ભર્યાની રસીદ, તમામ જરૂરી દસ્તાવેજોની ચકાસણી કરાવીને રિપોર્ટિંગ કરાવવું ફરજિયાત છે, નહિતર પ્રવેશ આપોઆપ રદ્દ થઈ જશે.
4. જે વિધ્યાર્થીઓએ પ્રથમ રાઉન્ડમાં જે તે કોલેજમાં રિપોર્ટિંગ કરેલ હશે તેઓ રાઉન્ડ-02 કે રાઉન્ડ-03માં ભાગ લઈ શકશે નહીં,
5. જેમણે પ્રથમ રાઉન્ડમાં કોલેજમાં રિપોર્ટિંગ કરાવેલ નહીં હોય તેઓ બીજા રાઉન્ડમાં ભાગ લઈ શકશે.

**(G) બીજા / ત્રીજા રાઉન્ડ અંગે:**

1. પ્રથમ રાઉન્ડમાં જે વિધાર્થીને પ્રવેશ ફાળવવામાં આવેલ છે અને પ્રવેશ લીધેલ નથી અને કોલેજ દ્વારા online registration થી offline પ્રવેશ આપવામાં આવે ત્યારે (GUAC for B.Ed.-M.Ed. ની જાહેરાત બાદ) તેવા વિધાર્થીને Inter-se મેરિટના આધારે કોલેજ પ્રવેશ આપી શકાશે. જો તેઓએ *Bank* ખાતે ફી ભરેલ હશે તો 10% રકમ બાદ થઈ, ફી પરત મળશે. પરંતુ તેમણે નવા ઓફલાઇન પ્રવેશ વખતે જે તે કોલેજમાં પૂર્ણ ફી ભરવાની રહેશે. અગાઉ Bank ખાતે ચૂકવેલ ફી માંથી 10% રકમ કાપીને પ્રવેશ કામગીરી પૂર્ણ થયા બાદ વિદ્યાર્થીને ચૂકવવામાં આવશે.

   **પ્રથમ રાઉન્ડ બાદ બીજો રાઉન્ડ કોલેજ દ્વારા પૂર્ણ થયા પછી જ કોલેજો અનામત વર્ગની બેઠકો ખાલી રહે તો** **ST** કેટેગરીની બેઠકો SC કેટેગરીમાં તેમ SC કેટેગરીની ST કેટેગરીમાં તબદીલ કરવી, ત્યારબાદ પણ કેટેગરીની બેઠકો ખાલી રહેવા પામે તો સામાન્ય વર્ગમાં તબદીલ થશે. આ અંગે GUAC દ્વારા તૈયાર કરવામાં આવેલ Seat Matrixના આધારે જ કાર્યવાહી કરવાની રહેશે. ઉપરાંત GUAC દ્વારા આપવામાં આવેલા સમયપત્રક મુજબ કામગીરી કરવાની રહેશે.

ખાસ નોંધ: <u>**પ્રથમ રાઉન્ડમાં જે વિદ્યાર્થી બેંકમાં ફી ભરીને કોલેજમાં હાજર થશે / રીપોર્ટ કરશે. તે વિદ્યાર્થી બીજા/ત્રીજા રાઉન્ડમાં ભાગ લઇ શકશે નહિ.**</u>

2. (i) બીજા રાઉન્ડ વખતે આ રજીસ્ટ્રેશન ફોર્મની પ્રિન્ટ આઉટ ઉપર વિધ્યાર્થીનો
   (a) General Rank
   (b) Category Rank
   (c) Sub-Category અને
   (d) ટકાવારી ઉપરાંત Online Registration and Offline Admission (Round-2) પણ છપાયેલ હશે.

   (ii) પ્રથમ રાઉન્ડનું રજીસ્ટ્રેશન ફોર્મ આ રાઉન્ડ માટે સ્વીકારવામાં આવશે નહીં. આ વ્યવસ્થાના કારણે કોલેજમાટે બીજા રાઉન્ડનું મેરીટ બનાવવામાં અનુકૂળતા રહે, આવેલ અરજીઓને કેટેગરી અને ટકાવારીને આધારે ગોઠવણી કરીને બીજા રાઉન્ડનું મેરીટ તૈયાર કરી શકાય.

   (iii) પ્રવેશ Inter-se મેરીટને આધારે આપવો.

<u>ખાસ:</u> બીજા રાઉન્ડની કામગીરી વખતે વિધ્યાર્થીનુ ઓનલાઈન રજીસ્ટ્રેશનનું જૂનું ફોર્મ સ્વીકારવું નહીં, પરંતુ નવી પ્રિન્ટ આઉટ લઈ આવવા કહેવું જે ફોર્મ પર "Online Registration Offline Admission" છપાયેલ હશે તેજ નકલ લેવી. ત્રીજા રાઉન્ડની પ્રવેશ કામગીરી અંગે વિગતવાર માહિતી માટે વેબસાઇટ પર સૂચનાઓ મૂકવામાં આવશે.

**(H) ફી રિફંડ અંગે:**

1. GUAC for B.Ed.-M.Ed. દ્વારા ફાળવવામાં આવેલ પ્રવેશ લીધેલ વિદ્યાર્થી પ્રવેશ લીધાના 10 દિવસ પછી પોતાનો પ્રવેશ રદ્દ કરાવે તો કોઈપણ સંજોગોમાં તેમની ફી- રિફંડ મળશે નહીં. પ્રથમ રાઉન્ડની ફી રિફંડ GUAC for B.Ed.-M.Ed. દ્વારા કરવામાં આવશે. પ્રથમ રાઉન્ડ બાદની ફી રિફંડ જે તે કોલેજ દ્વારા કરવામાં આવશે.

Students admitted through GUAC shall not be eligible to get refund of fees in any circumstances if student cancel his/her admission after 31-08-2019.

વિધ્યાર્થીઓની રિફંડ અંગેના ચેક ની મુદ્દત પૂર્ણ થયા બાદ Revalidate કરી આપવામાં આવશે નહીં. જેની દરેક વિધ્યાર્થીએ ખાસ નોંધ લેવી. જો વિધ્યાર્થી નિર્ધારિત સમય એટ્લે કે ચેકની વૈધતા સમાપ્ત થયા પહેલા GUAC ખાતેથી નહીં મેળવી લે તો તે અંગેની જવાબદારી GUACની રહેશે નહીં અને વિધ્યાર્થીનો ફી રિફંડ નો અધિકાર રહેશે નહીં. ફી પરત અંગે વિધ્યાર્થીને તેમના રજીસ્ટ્રેશન મોબાઈલ પર જાણ કરવામાં આવશે તે અંગે સજાગ રહેવું.

2. Freeship Card માત્ર સેલ્ફ ફાઇનન્સ કોલેજોમાં જ લાગુ પડશે.

**(I)** મેરીટ અંગે:

1. વિધાર્થીઓના documents verification કરતી વખતે જે વિધાર્થીઓની એક કરતાં વધારે Marksheet હોય તેની ખાસ કાળજી રાખવી. મેરીટ ગણતરી ચોકસાઇ પૂર્વક કરવી.
2. **પ્રવેશ માટે આવતા વિધ્યાર્થીઓની marksheet માં માર્કસ કે ટકાવારી દર્શાવેલ ન હોય એટ્લે કે ગ્રેડ / GPA દર્શાવેલ હોય તેવા કિસ્સામાં વિધાર્થીએ પોતાના બોર્ડ/યુનિવર્સિટી માથી ટકાવારીમાં રૂપાંતરિત પ્રમાણપત્ર –Equivalent Certificate લાવવાનું રહેશે જેથી તેનું મેરીટ બની શકે. એ સિવાય વિધ્યાર્થીનું ફોર્મ વેરિફાય કરી શકશે નહીં. આ અંગે વિધ્યાર્થીઓનું ધ્યાન દોરવું.**

**(J)** સામાન્ય સૂચનાઓ

1. દરેક કોલેજે પ્રવેશની કામગીરી GUAC for B.Ed.-M.Ed. દ્વારા નક્કી કરવામાં આવેલા સમયપત્રક પ્રમાણે જ કરવાની રહેશે.

2. આપની કોલેજના સીટ મેટ્રિક્સમાં કોઈ ફેરફાર થયેલ હોયજેવાં કે, સંસ્થાના વિષય, માધ્યમ,Shift (Morning/Noon/Evening)ની બાબત જેમાં યુનિ. ની મંજૂરી લીધેલ હોય તે ચોકસાઈ સાથે તા. 10-05-2019 સુધીમાં બી.એડ્.-એમ.એડ્. મધ્યસ્થ પ્રવેશ સમિતિ કાર્યાલય, રુમ નં-૪, શિક્ષણશાસ્ત્ર ભવન ખાતે આચાર્યશ્રી ના સહી સિક્કા સાથે કોલેજના લેટરહેડમાં લખી મોકલવી. માહિતી પુસ્તિકા વેબસાઇટ પર મૂકેલ છે તે ચેક કરીને જોવું.

3. પ્રવેશ લીધેલ વિદ્યાર્થીઓ, રિપોર્ટિંગ કરેલ વિધ્યાર્થીઓ અને ફી ભરેલ વિધ્યાર્થીઓ કોલેજ, માધ્યમ કે વિષય બદલી શકશે નહિ તેમજ નવી પ્રવેશ અંગેની કાર્યવાહીમાં ભાગ લઈ શકશે નહીં.

4. IAS Training Centre ખાતે **GUAC CORE Committee** ની નિમણૂંક કરવામાં આવેલ છે.

| ક્રમ | નામ | હોદ્દો |
|---|---|---|
| 1 | ડો. હરેશ વાઢેલ | કન્વીનર |
| 2 | ડો. એન. કે. જૈન | કન્વીનર |
| 3 | ડો. એચ. સી. સરદાર | કન્વીનર |
| 4 | શ્રી ધર્મેન્દ્ર ચાવડા | એડ્મીનીસ્ટ્રેટીવ ઓફિસર |
| 5 | શ્રી હેમલ રાઠોડ | ટેકનિકલ સ્ટાફ |

5. વિવિધ પ્રકારના અભ્યાસક્રમો માટે નીચે જણાવેલ **Officer on special duty** ની વર્ષ 2019-20 માટે ગુજરાત યુનિ. દ્વારા નિમણૂંક કરવામાં આવેલ છે.

| બી.એડ્. મધ્યસ્થ પ્રવેશ સમિતિના હોદ્દેદારોની વિગત | | | |
|---|---|---|---|
| નંબર | સભ્યશ્રીનું નામ | સભ્યશ્રીનો હોદ્દો | મોબાઇલ |
| **1** | ડૉ. હરેશકુમારબી. વાઢેલ | કન્વીનરશ્રી, બી.એડ્. મધ્યસ્થ પ્રવેશ સમિતિ | **9537848523** |
| **2** | ડૉ. મિલન ટી. મિસ્ત્રી | સભ્યશ્રી, બી.એડ્. મધ્યસ્થ પ્રવેશ સમિતિ | **9825779344** |
| **3** | ડૉ. આશાબેન પંડિત | સભ્યશ્રી, બી.એડ્. મધ્યસ્થ પ્રવેશ સમિતિ | **9925901039** |
| **4** | ડૉ. એલ.જી.માલવ | પ્રતિનિધિશ્રી એસ.ટી./એસ.સી.સેલ બી.એડ્. મધ્યસ્થ પ્રવેશ સમિતિ | **7600004373** |
| **5** | ડૉ. હિમાંશુ પ્રફુલરાવ સાવંત | સભ્યશ્રી, બી.એડ્. મધ્યસ્થ પ્રવેશ સમિતિ | **9825158746** |
| **6** | ડૉ. ગણપતસિંહ એસ. પટેલ | સભ્યશ્રી, બી.એડ્. મધ્યસ્થ પ્રવેશ સમિતિ | **8238038696** |
| **એમ.એડ્. મધ્યસ્થ પ્રવેશ સમિતિના હોદ્દેદારોની વિગત** | | | |
| નંબર | સભ્યશ્રીનું નામ | સભ્યશ્રીનો હોદ્દો | મોબાઇલ |
| **1** | ડૉ. હરેશકુમારબી. વાઢેલ | કન્વીનરશ્રી, એમ.એડ્. મધ્યસ્થ પ્રવેશ સમિતિ | **9537848523** |
| **2** | ડૉ. સતીશ પ્રકાશ એસ. શુકલા | સભ્યશ્રી, એમ.એડ્. મધ્યસ્થ પ્રવેશ સમિતિ | **9898988895** |
| **3** | ડૉ. અમૃત જે. ભરવાડ | સભ્યશ્રી, એમ.એડ્. મધ્યસ્થ પ્રવેશ સમિતિ | **9979731575** |
| **4** | ડૉ. મનોજ સી. શાસ્ત્રી | પ્રતિનિધિશ્રી એસ.ટી./એસ.સી.સેલ એમ.એડ્. મધ્યસ્થ પ્રવેશ સમિતિ | **9376145600** |
| **5** | ડૉ. જેસલ એસ. પટેલ | સભ્યશ્રી, એમ.એડ્. મધ્યસ્થ પ્રવેશ સમિતિ | **9925170388** |
| **6** | ડૉ. ભાવેશ કે. શાહ | સભ્યશ્રી, એમ.એડ્. મધ્યસ્થ પ્રવેશ સમિતિ | **9408490990** |
| **7** | ડૉ. રેણુ સિંઘ | સભ્યશ્રી, એમ.એડ્. મધ્યસ્થ પ્રવેશ સમિતિ | **9909158224** |

6. એડમિશન બુકલેટ ગુજરાત યુનિ. ની વેબસાઈટ પર મૂકવામાં આવશે. જરૂર જણાય તો બુકલેટની કોપી ડાઉનલોડ કરી શકાશે.

7. પ્રવેશ કામગીરી દરમ્યાન કોઈપણ પ્રકારની ટેકનિકલ અથવા વહીવટી મુશ્કેલી હોય તો જે-તે પ્રોગ્રામ માટે જે તે OSD અથવા સમિતિ નાસભ્યો નો સંપર્ક કરવો.

8. આપની કોલેજની E-mail ID અચૂક GUAC for B.Ed.-M.Ed. ખાતે મોકલશો તેમજ પ્રવેશ કામગીરી માટે જે વ્યક્તિની નિયુક્તિ આપના દ્વારા કરવામાં આવેલ હોય તો તેનો મોબાઈલ નંબર અથવા

આપશ્રી નો મોબાઈલ નંબર અચૂકપણે બી.એડ્.-એમ.એડ્. મધ્યસ્થ પ્રવેશ સમિતિ કાર્યાલય, રુમ નં-૪, શિક્ષણશાસ્ત્ર ભવન ખાતે મોકલી આપવો જેથી કરીને કટોકટીના સમયે આપશ્રી ને જરૂરી માહિતી પૂરી પાડી શકાય.

9. EWS (આર્થિક રીતે નબળા વર્ગ) ના વિધ્યાર્થીઓના સંદર્ભમાં તમામ માહિતી GUAC for B.Ed.-M.Ed. ની વેબસાઇટ પર મૂકવામાં આવેલ છે. તેમના પ્રમાણપત્રનો નમૂનો, પ્રમાણપત્ર આપનાર સક્ષમ અધિકારીઓ તેમજ અન્ય તમામ બાબતો દર્શાવેલ છે.

# <u>ખુબજ અગત્યનું</u>

1. આ સામાન્ય સૂચનાઓ છે તેથી વધારે સ્પષ્ટતા માટે દરેક કોર્ષને લગતી સૂચનાઓ જે તે કોર્ષની વેબસાઇટ પર મૂકવામાં આવશે. તેથી જે તે કોર્ષ અંગેની વેબસાઇટ સતત જોતાં રહેવી.
2. પ્રથમ રાઉન્ડ પછી કોલેજ દ્વારા **Inter-se Merit** ના આધારે પ્રવેશ કાર્યવાહી અંગેની બાબતો હવે પછી વેબ-સાઇટ પર મૂકવામાં આવશે અને તે પ્રમાણે પ્રવેશની કાર્યવાહી કરવી.
3. મધ્યસ્થ પ્રવેશને લગતાં તમામ પ્રકારના પરિપત્રો જે-તે સમયે ગુજરાત યુનિ. ની વેબસાઇટ પર મૂકવામાં આવશે. **GUAC for B.Ed.-M.Ed.** દ્વારા કોઈપણ પ્રકારનો પત્ર વ્યવહાર કરવામાં આવશે નહિ. **GUAC for B.Ed.-M.Ed.** આપને નિયમિત પણે ગુજરાત યુનિ. ની વેબસાઇટ જોવા આગ્રહ ભરી વિનંતી કરે છે.
4. **GUAC for B.Ed.-M.Ed.** દ્વારા કરવામાં આવતી પ્રવેશ પ્રક્રિયાના પ્રથમ રાઉન્ડ બાદ બીજો અને ત્રીજો રાઉન્ડ GUAC નિર્દિષ્ટ નિયમો મુજબ કોલેજ કક્ષાએ પ્રવેશ કાર્યવાહી કરવાની રહેશે. જો કોઈ કોલેજ દ્વારા નિયમોનો ભંગ કરી ખોટી રીતે પ્રવેશ આપશે તો તેની સામે દંડનીય કાર્યવાહી કરવામાં આવશે.
5. **GUAC for B.Ed.-M.Ed.** દ્વારા નિર્દિષ્ટ નિયમોને આધારે Inter-se merit મુજબ કોલેજો એ પ્રવેશ પ્રક્રિયા કરવાની રહેશે, જો Inter-se meritનો ભંગ થશે કે GUAC for B.Ed.-M.Ed.ના નિયમોનો ભંગ થશે તો ગુજરાત યુનિવર્સિટી દ્વારા જે તે કોલેજ ને રૂ. 100000 સુધીનો દંડ કરવામાં આવશે તેમજ નિયમ વિરુદ્ધ થયેલ તમામ પ્રવેશ રદ્દ કરવામાં આવશે જેની ખાસ નોંધ લેવી.